જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીએ કોર્ટમાં હાજર થવાનું ફરમાન : **સમાચાર યાદી નં.૧૫૫૧/૨૦૨૧**

માધવપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૪૫/૧૯૯૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ક્રિમિનલ કેસ નંબર ૯૨/૧૯૯૭ ના કામે આરોપી નામે રામકિશોર રામલાલ જાતે કોરીયા (રહે. અંબિકા મોલ્ડીંગ, તાવડીપુરા પોસ્ટ ઓફીસની સામે, અમદાવાદ. મુળ ગામઃ લખાઇકા પુર્વા, તા.સુલતાનપુર જીલ્લો. ફૈજાબાદ રાજ્ય. ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એમ.એ.ભટ્ટી સાહેબ, એડી.સેસન્સ જજ, કોર્ટ નંબર.૧૭, સીટી સિવીલ એન્ડ સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૫/૦૯/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગે હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૧૫૫૨/૨૦૨૧**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૯૧૫૭	૮૬	૬૯૨૪૩	૭૦૦૪૬	૯૪	૭૦૧૪૦
કુલ		૮૫૬૩૩	૮૬	૮૫૭૧૯	૯૪૪૩૬	૯૪	૯૪૫૩૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૧	૪,૧૦,૬૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૫૦	૮,૫૦,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦ દેશી દારૂ, ૪૯ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૧,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૫૫૫/૨૦૨૧**

નારણપુરા : સૌમીલભાઇ બકુલચંદ્ર રાણા (ઉ.વ.૩૧)(રહે.રીધ્ધીવિનાયક ટાવર, વિજયનગર રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા) એ તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સૌમીલભાઇની પત્નીએ OLX એપ ઉપર એક જુનું લાકડાનું કબાટ ઓનલાઈન વેચાણ અર્થે મુકેલ જે ખરીદ કરવાના બહાને તા.૦૮/૦૮/૨૦૨૧ બપોરના ૧૨/૧૫ થી ૨/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઇલ નંબર ૮૩૦૩૪૮૭૫૯૭ ના ધારકે સૌમીલભાઇને કબાટ ખરીદી પેટે ઓનલાઈન પેમેન્ટ ચુકવવાનો ભરોસો આપી, સૌમીલભાઇને વિશ્વાસમાં લઇ તેમના વોટ્સઅપ નંબર ઉપર અલગ-અલગ રકમના કયુ.આર.કોડ મોકલી સૌમીલભાઇના ખાતામાં રૂપિયા જમા કરવાના બદલે બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૯૩,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ સૌમીલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જયેશભાઈ નારણભાઈ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા:- **સમાચાર યાદી નં.૧૫૫૬/૨૦૨૧**

આનંદનગર : સંધ્યાબહેન વા/ઓ નિરંજનભાઈ જયસ્વાલ (ઉ.વ.૬૨)(રહે.ઉપવન સોસાયાટી, શ્યામલ-૦૩/બી પાસે, આનંદનગર) તા.૨૫/૦૮/૨૦૨૧ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે આનંદનગર ઉપવન સોસાયટીના ગેટ આગળ શાકભાજી લેતા હતા ત્યારે એક્સેસ ટુ વ્હીલર ઉપર આવેલ અજાણ્યા પુરૂષે સંધ્યાબહેનના ગળામાંથી પેંડલ સાથેની સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી ઝુંટવી લઇ નાસી ગયો હતો. આ ગુનાની ફરીયાદ સંધ્યાબહેન જયસ્વાલ એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

નિકોલ : જસવંતભાઈ જસુભાઈ સરધારા(ઉ.વ.૫૬)(રહે.રઘુવીરપાર્ક સોસાયટી, વી-૦૨ સ્વામીનારાયણ નગરની સામે, નિકોલ) એ તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પત્નિ સાથે મોટર સાયકલ ઉપર દાસ્તાન સર્કલ આગળ નિકોલ તરફ જવાના રીંગ રોડ તરફ જતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) જસવંતભાઇની પત્નિ કુંદનબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સાથવારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી